ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૨ ટકા

# સે-૨૭ આનંદનગર ખાતે છેલ્લા ૪૦ વર્ષથી યોજાતી બેડા ગરબાની હરિફાઈ





બેડા ગરબા એ પરંપરાગત ગરબાનું સ્વરૂપ છે. સેકટર-૨૭ આનંદનગર નવરાત્રિ સમિતિ દ્વારા લગભગ છેલ્લા ૪૦ વર્ષથી બેડા ગરબાની હરિફાઈ રાખવામાં આવે છે જેમાં ૫ વર્ષથી લઈ ૨૦ વર્ષની દીકરીઓ અને ૨૧ વર્ષથી ઉપરની બધી બહેનો તથા ૫ વર્ષથી ઉપરના દિકરાઓ પણ બેડા ગરબામાં ભાગ લે છે. જેમાં દરેક કેટેગરીમાં ૧ થી ૩ નંબર આપવાની સાથે આશ્વસન ઈનામ પણ આપવામાં આવે છે. આ બેડા ગરબાની હરિફાઈ આઠમના દિવસે યોજાઈ હતી સાથે મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ થી ૨૦ વર્ષમાં ખુશી પટેલ પ્રથમ, ટીનુ બિહોલા દ્વિતીય તથા ઊર્વી વાઘેલા તૃતીય ક્રમે રહ્યા હતા જયારે ૨૧ વર્ષથી ઉપરની બહેનોમાં આશાબેન પટેલ પ્રથમ, ગીતાબેન પટેલ દ્વિતીય તથા સરિતાબેન ગોંડલિયા તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા.

# ફાફડા-જલેબી-ચોળાફળી ઝાપટી શહેરીજનોએ ઉજવ્યું દશેરા પર્વ

## સવારથી જ મિઠાઈ-ફરસાણના વેપારીઓને ત્યાં લાંબી લાઈનો લાગી : હજુ શુક્રવારે પણ ઘરાકી ચાલુ રહેશે





ગાંધીનગર, તા.૧૮

આજે સવારથી જ ગાંધીનગરમાં દશેરાના પર્વ નિમિત્તે પેટ ભરીને ફાફડા જલેબી-ચોળાફળી આરોગ્યાં હતા. ફાફડા-જલેબી સાથે નાયલોન ખમણ અને સમોસા જેવી આઈટમો પણ ઈન ડિમાન્ડ રહેવા પામી હતી. જો કે શહેરમાં નોમ-દશેરાની તિથિ ભેગી હોવાથી ઘણા શહેરીજનો વિજયાદશમી શુક્રવારે ઉજવવાના હોવાથી આ વર્ષે સતત બે દિવસ ફાફડા-જલેબીનું ચલણ શહેરમાં જોવા મળશે.

દશેરાનો તહેવાર એ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના આસુરી શકિત રાવણ પર વિજયનું પર્વ છે. જો કે દશેરાનો તહેવાર સ્વાદના શોખીનો માટે ફાફડા જલેબીની જયાફતથી વિશેષ નથી તેવું કહી શકાય કેમ કે શહેરમાં લાખોની કિંમતના ફાફડા-જલેબી-ચોળાફળી આ સ્વાદના શોખીનો એક જ દિવસમાં આરોગી જાય છે. જો કે આ વર્ષે નોમની તિથીનો દશમ સાથે ક્ષય થતો હોવાથી દશેરાનું પર્વ ગુરુવારે છે કે શુક્રવારે તે અંગે નાગરિક અવઢવમાં મુકાયા છે. સરકારી કેલેન્ડર મુજબ ગુરુવારે દશેરાની રજા હોવાથી મોટા ભાગના નાગરિકોએ આજે વિજયાદશમીની ઉજવણી કરી હતી. આ કારણે શહેરમાં આજે મિઠાઈઃ ફરસાણના વેપારીઓને ત્યાં સવારથી ફાફડા-જલેબી-ચોળાફળી સહિતના નાસ્તા ખરીદવા માટે લાઈન જોવા મળી હતી. આજે નાગરિકોએ પેટ ભરીને ફાફડા-જલેબી આરોગ્યા હતા કેટલાકે તો આ સાથે ખમણ-ઢોકળા અને સમોસાની જયાફત પણ માણી હતી.

આ વર્ષે શહેરમાં સતત બે દિવસ સુધી દશેરાના પર્વની ઉજવણીનો માહોલ સર્જાયો છે અને જેના પગલે મીઠાઈ-ફરસાણના વેપારીઓ હજુ આવતીકાલે પણ ફાફડા-જલેબી-ચોળાફળીની ઘરાકી મળશે તેવી અપેક્ષા સેવી રહ્યા છે.

## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા દસમા નોરતે દર્શના ગાંધી અને રીશીન સરૈયા ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ દસના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન પન્નાબેન જોષી, પ્લોટ નં. ૧૦૬૦/૨, સે-૩-ડી, ઘ-૨ પાસે આનંદનો ગરબો યોજાશે.

● ગુજરાત રાજયના સરકારના બોર્ડ નિગમ અને સહકારી સાહસો દ્વારા સુત્રોચ્ચાર કાર્યક્રમ બપોરે ૨ કલાકે નાગરિક પુરવઠા સંકુલ ચ રોડ કૃષિભવનની પાસે સે-૧૦-એ ગાંધીનગર ખાતે કરાશે.

# એસ.ટી. ડેપોમાં સ્લીપર કોચની અડફેટે મુસાફરનું કરૂણ મૃત્યુ

## બસની રાહ જોઈને ઉભેલા મુસાફરને ગાંધીનગર-આહવા બસે ટકકર મારતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે ગઈ સાંજે એક સ્લીપર બસની ટકકરે મુસાફરનું મૃત્યુ નિપજયું હોવાની ઘટના બનવા પામી હતી. ગઈ સાંજે એક મુસાફર ડેપોમાં અમદાવાદ તરફ જવાના પ્લેટફોર્મ પાસે બસની રાહ જોઈને ઉભો હતો ત્યારે બેફામ ગતિએ સ્લીપર કોચ બસ લઈને આવેલા ડ્રાઈવરે મુસાફરને અડફેટે લઈ લેતા તેને ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જયાં સારવાર દરમિયાન તેનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. સેકટર-૭ પોલીસે બસ ચાલક સામે ગુનો દાખલ કરીન ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

રાજસ્થાનના પાલી જિલ્લામાં રહેતા મુકેશભાઈ મિસ્ત્રી લાલજી મેઘવાલ અને તેમના સંબંધી કેવલરામ હિમતાલાલ મીણા (રહે. માણસા) બંને ગઈ કાલે સાંજે ગાંધીનગર એસ.ટી. ડેપો આવ્યા હતા રસોઈના કામ માટે બહાર જવા માટે ડેપોમાં આવીને અમદાવાદ જવાના પ્લેટફોર્મ પર બસની રાહ જોઈને બેઠા હતા તે દરમિયાન જીજે ૧૮ ઝેડ ૨૦૮૧ નંબરની સ્લીપર કોચ બસ ધસમસતી પ્લેટફોર્મ પર આવી પહોંચી અને બસની રાહ જોઈને ઉભેલા મુસાફર કેવલરામ મીણાને જબરદસ્ત ટકકર મારી દીધી હતી. લોહીલુહાણ હાલતમાં તાત્કાલીક તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો પરંતુ હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો જયાં બે કલાકમાં સારવાર દરમિયાન મુસાફર કેવલરામનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એસ.ટી. કાળાતે મુકેશભાઈની ફરિયાદ આધારે બસ ચાલક સામે ગુનો નોંધી ઘટનાની તપાસ તેજ કરી છે.




ગાંધીનગરમાં વિજયાદશમીના પવિત્ર પર્વ પ્રસંગે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ખાતે અશ્વપૂજન, શસ્ત્રપૂજન, ખિજડો પૂજન તથા તલવારબાજી જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અંદાજે ૧૫૦થી વધુની સંખ્યામાં રાજપૂત વડિલો-યુવાનો-બાળકો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જેમણે માથે રંગબેરંગી સાફા પરિધાન કર્યા હોવાથી ક્ષત્રિય અસ્મિતાને ઉજાગર કરતું અનોખું દશ્ય જોવા મળ્યું હતું.

# લેઉવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા ૨૧મીએ સન્માન સમારંભ

ગાંધીનગર, તા.૧૮

શ્રી લેઉવા પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા ૧૭-૧૮મા જાહેર પરીક્ષામાં ગુણવત્તાના આધારે તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારંભ તા. ૨૧મી ઓકટોબરના બપોરે અઢી વાગે સંસ્થાના છાત્રાલય ખાતે યોજાનાર છે. તો સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

# વાવોલની શાલ્વિક શુકનમાં ભાતીગળ શેરી ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં નવરાત્રિ પર્વ તેના અંતિમ ચરણમાં છે અને સૌ કોઈ મા જગદંબાની આરાધનામાં ગળાડૂબ થઈ રહ્યા છે. શહેરમાં ઉલ્લાસપૂર્ણ માહોલમાં જયાં નવરાત્રિ ઉજવાઈ રહી છે ત્યાં ગુડા વિસ્તાર વાવોલમાં પણ વિવિધ નવનિર્મિત સોસાયટીઓમાં આયોજિત શેરી ગરબા પણ નાવિન્યતા સાથે મજબૂત ટકકર ઝીલી રહ્યા છે. વાવોલની શાલ્વિક શુકન સોસાયટીમાં શેરી ગરબામાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

ઝંકાર સેવા ટ્રસ્ટ અને ચેતના સેવા સંસ્થાના સંયુકત ઉપક્રમે ભાતીગળ શેરી ગરબા સ્પર્ધાનું આયોજન વાવોલની શાલ્વિક શુકન સોસાયટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બેસ્ટ ગાયક, બેસ્ટ ડ્રેસ, બેસ્ટ પરફોર્મન્સ વગેરે કેટેગરીમાં વિજેતા ખેલૈયાઓને ઈનામો સંસ્થાના હોદેદારોના હસ્તે એનાયત કરાયા હતા. આ સાથે પ્રમાણપત્રો પણ દરેક ભાગ લેનાર સ્પર્ધકને આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતીબેન પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુંપલબેન દવે તથા ચેતનાબેન મિશ્રાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. કાર્યક્રમના અંતે સ્નેહા ચક્રવર્તીએ આભારદર્શન વ્યકત કર્યું હતું.






# સેકટર-૨૩માં સમરસ નવરાત્રીમાં 'મહાઆરતી'નું ભવ્ય આયોજન

સેકટર-૨૩ સ્થિત તેજસ સોસાયટી શ્રીધર એપાર્ટમેન્ટ, આરંભ ફલેટ, આંગન ફલેટ તથા આસપાસના રહેવાસીઓ સમન્વય સાધીને સંયુકત નવરાત્રી ઉત્સવ ઉજવી રહ્યા છે. જેમાં અબાલ-વૃધ્ધ, બાળકો, મહિલાઓ સૌ સક્રિય ભાગ લઈ રહ્યા છે. આઠમના નોરતાની દેવી મહાગૌરી જગદંબિકાની 'મીની' મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. તે નિમિત્તે શ્રી માતાજીના મુખારવિંદની રંગોળી-ફુલોની રંગોળી પણ કરવામાં આવી હતી. સમગ્ર નવરાત્રી ઉજવણીનું આયોજન સહુ નિવાસીજનો દ્વારા ગઠીત સંયુકત નવરાત્રી સમિતિ જેમાં કોઈ પણ હોદ્દો નહી એવી તેમાં પણ સમરસતા દાખવીને કરવામાં આવી રહેલ છે તે આ નવરાત્રી મહોત્સવની વિશિષ્ટતા છે.



સેક્ટર-૨૭ ગાયત્રીનગર નવરાત્રિ ચોકમાં નિવૃત્ત શિક્ષક અને મંદિરના પ્રમુખ એવા શ્રી જીવણ દાદાની પ્રેરણાથી સોસાયટીની યુવા મહિલાઓ દ્વારા પ્રાચિન અર્વાચીન ગરબા અવનવી વેશભૂષામાં મંદિરના ચોકમાં રજુ કરાયા હતા અને સોસાયટીમાં આ રીતે દર વર્ષે નવરાત્રિમાં આવા કાર્યક્રમો કરવાની અને સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સોસાયટીમાં સફાઈ અભિયાન કરી સોસાયટીને સ્વચ્છ રાખવાના શપથ લીધા હતા.